# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-08-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેવભૂમિ દ્વારકાના ગાંધવી ખાતેથી હરસિદ્ધિ વનના લોકાર્પણ દ્વારા વન મહોત્સવનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો..
- રાજ્ય સહિત દેશભરમાં "હર ઘર તિરંગા" અભિયાનનો આજથી આરંભ..
- પર્યાવરણના રક્ષણ માટે નેનો યુરીયાના ઉપયોગની કૃષિ મંત્રી રાઘવજી પટેલની ખેડૂતોને ભલામણ...
- ગાંધીનગરમાં આજથી ત્રિદિવસિય ફાર્માટેક અને લેબટેક એક્સ્પો ખુલ્લા મૂકાયા..
- વિશ્વ આદિવાસી દિવસની રાજ્યસ્તરની ઉજવણી આવતીકાલે સાબરકાંઠાના ખેડબ્રહ્મા ખાતે કરાશે.

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM- VAN MAHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે દેવભૂમિદ્વારકા જિલ્લામાં 75મા વન મહોત્સવનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો.. જે અંતર્ગત મુખ્યમંત્રીશ્રીએ ગાંધવી ગામે હરસિદ્ધિ વનનું લોકાર્પણ કર્યું.. જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ હરસિદ્ધિ મંદિર નજીક આ વનનું નિર્માણ કરાયું છે.. સમુદ્રની નજીક વિશાળ જગ્યામાં બનેલા આ સુંદર વનને આજથી લોકો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ ઉદબોધન કરતાં આ મુજબ જણાવ્યું....

**(બાઇટ- મુખ્યમંત્રી)**

પાંચ હેક્ટરમાં નિર્માણ પામેલા હરસિદ્ધિ વનમાં શ્રી કૃષ્ણ ઉપવન, આયુષવન, વન કવચ, સેલ્ફી પોઇન્ટ, ગઝેબો, ગૂગલ વન સહિત પ્રવાસીઓ માટેના આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આ વનમાં વડ, પીપળો, પ્રાગ વડ, નાળીયેર, બદામ, અરણી વગેરે વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે.

આ પ્રસંગે, મુખ્યમંત્રી સહિત વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઇ બેરા, પ્રભારી મંત્રી કુંવરજી બાવળિયા તેમજ ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું..

# CM- HAR GHAR TRIRANGA

રાજ્ય સહિત દેશભરમાં હર ઘર તિરંગા અભિયાનનો આજે આરંભ થયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરના પોતાના નિવાસસ્થાનેથી ત્રિરંગો લહેરાવી “હર ઘર તિરંગા અભિયાન”નો પ્રારંભ કરાવ્યો.. રાજ્યમાં આજથી 15 ઓગસ્ટ સુધી આ અભિયાનની ઉજવણી કરાશે. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં તિરંગા યાત્રા

યોજાશે.. રાજ્યમાં આ અભિયાન અંતર્ગત 40થી 50 લાખ તિરંગાનું વિતરણ કરાશે.

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આજે અમદાવાદના નવરંગપુરા ખાતે રાષ્ટ્રધ્વજ વિતરણ કર્યું હતું.. અમદાવાદના કલેક્ટર અને પોલીસ કમિશ્નરની ઉપસ્થિતિમાં ગૃહરાજ્યમંત્રીએ નાગરિકોને તિરંગાનું વિતરણ કર્યું...

ઉલ્લેખનીય છે કે, આગામી દસમી ઓગષ્ટે રાજકોટથી આ અભિયાનનો કેન્દ્રીય મંત્રી જે.પી.નડ્ડા આરંભ કરાવશે.. 15 મી ઓગસ્ટ સુધી રાજ્યમાં ચલાનારા હર ઘર તિરંગા અભિયાન 11 ઓગસ્ટે સુરતમાં,12 ઓગસ્ટે વડોદરામાં અને 13 ઓગસ્ટે અમદાવાદમાં યોજાશે..

આ વર્ષે "હર ઘર તિરંગા અભિયાન" અંતર્ગત રાજ્યભરમાં તિરંગા રેલી, તિરંગા યાત્રા, તિરંગા રન, તિરંગા કૉન્સર્ટ, તિરંગા કેનવાસ, તિરંગા શપથ, તિરંગા સેલ્ફી તેમ જ તિરંગા મેળા જેવા બહુવિધ કાર્યક્રમ યોજાશે.

# HAR GHAR TRIRANAGA- DIST.

હર ઘર તિરંગા યાત્રા અભિયાનના ભાગરૂપે રાજ્યભરમાં લોકજાગૃતિના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન થઇ રહ્યું છે...

ગાંધીનગર જીલ્લાના પોલીસ વડા દ્વારા ચ-0 સર્કલ પાસે વાહનચાલકો તેમજ શાળાના બાળકોને અઢીસો જેટલા રાષ્ટ્રધ્વજનું વિતરણ કરી અભિયાનમાં સહભાગી થવા અપીલ કરાઇ...

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તમામ નગરસેવકના બજેટમાંથી એક લાખ રૂપિયા ફાળવીને દરેક વોર્ડમાં 21 હજાર તિરંગાનું વિતરણ કરવામાં આવશે.

રાજકોટમાં 10મીએ યોજાનાર હર ઘર તિરંગા યાત્રા અંગે મહાનગરપાલિકાના કમિશ્નરે આજે પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે ગ્રામ્ય,

તાલુકા તથા શહેરી વિસ્તારમાં વોર્ડ મુજબ વધુમાં વધુ લોકો આ પર્વમાં જોડાય તે માટે કાર્ય કરવા અધિકારીઓને સૂચના આપી હતી. તેમણે લોકોને અને વિવિધ મંડળીઓ, દુકાનધારકો, શાળા- કોલેજો અને અન્ય સંસ્થાઓને આ અભિયાનમાં જોડાઇને પોતાના ઘર તેમજ કામના સ્થળે તિરંગો લહેરાવાની અપીલ કરી હતી.

બીજી તરફ, જામનગરમાં હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી થવા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા જીલ્લામાં સાડા ત્રણ લાખથી વધુ તેમજ રાજ્યના વિવિધ જીલ્લાઓમાં કુલ સાડા સાત લાખથી વધુ તિરંગા ધ્વજનું વિતરણ કરવામાં આવ્યું છે.

આણંદમાં નગર શિક્ષણ સમિતિ દ્વારા આ અભિયાનની ઉજવણીના ભાગરૂપે ચિત્ર સ્પર્ધા યોજાઈ.. જેમાં જિલ્લા કલેકટરે ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

પંચમહાલ જિલ્લા કલેક્ટરના જણાવ્યા અનુસાર, આગામી ૧૨મીએ તાલુકા કક્ષાએ તથા ૧૩મીએ જિલ્લા કક્ષાએ ત્રિરંગા યાત્રાનું આયોજન કરાવામાં આવશે.

## RAGHAVJI PATEL- NENO YURIYA

જમીનના સ્વાસ્થ્ય અને પર્યાવરણના રક્ષણ માટે પરંપરાગત યુરીયાના સ્થાને નેનો યુરીયા શ્રેષ્ઠ વિકલ્પ હોવાનું  કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે...

રાજ્યના ખેડૂતોને દાણાદાર યુરિયાના બદલે નેનો યુરિયાનો ઉપયોગ કરવાની કૃષિ મંત્રીએ ભલામણ કરી હતી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, નેનો યુરિયાની ૫૦૦ મિ.લી.ની એક બોટલ, ૪૫ કિલોગ્રામ દાણાદાર યુરિયાની એક થેલીની ગરજ સારે છે. કૃષિમંત્રીએ નેનો યુરીયાના ઉપયોગ માટેની રાજ્ય

સરકારની યોજના અંગે માહિતી આપતાં કહ્યું હતું કે, નેનો યુરિયાની ખરીદી પર ખેડૂતોને પ્રતિ હેકટર વધુમાં વધુ રૂ. ૭૫૦ની મર્યાદામાં સીધી ખરીદ કિંમત પર સહાય આપવામાં આવશે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન આ યોજના અંતર્ગત ૪૫ લાખ નેનો યુરીયાની બોટલ પર સહાય આપવામાં આવશે. આ યોજના માટે અંદાજપત્રમાં ૪૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

## RUSHIKESH PATEL- PHARMATEC EXPO

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ અને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગરમાં ૧૭માં ફાર્માટેક એક્સ્પો અને લેબટેક એક્સપોને ખુલ્લો મુક્યો છે. આજથી આગામી ૧૦ ઓગસ્ટ સુધી યોજાનારા આ ત્રિદિવસીય એક્સપોની ૧૭મી આવૃત્તિની વિષયવસ્તુ “નવીનતા, ટેકનોલોજી અને જ્ઞાનની આપ-લે” છે.

આ પ્રસંગે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, આજે ભારત, દવા ઉત્પાદન ક્ષેત્રનું હબ બનવા આગળ વધી રહ્યું છે જેમાં ગુજરાતનો સિંહફાળો રહ્યો છે. ગુજરાતમાં નવીન શોધ અને રોકાણની વધુ તકો ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર ઉદ્યોગ સાહસિકોને વિવિધ મંજૂરીઓ આપવામાં ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરી રહી હોવાનું શ્રી પટેલે જણાવ્યું હતું.

**(બાઇટ- ઋષિકેશ પટેલ)**

આ એક્સપોમાં ૪૦૦ થી વધુ પ્રદર્શકો પોતાના ઉત્પાદનો અને મશીનરી રજૂ કરશે.. એક્સપોમાં વિવિધ આફ્રિકન દેશના ઉદ્યોગ સાહસિકો પણ ભાગ લેશે..

## VISHAV AADIVASI DIVAS UJAVNI

વિશ્વ આદિવાસી દિવસની રાજ્યકક્ષાની ઉજવણી આવતીકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે કરવામાં આવશે. રાજ્ય સરકારના આદિજાતી વિકાસ વિભાગ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં અનેકવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમજ વિવિધ યોજનાઓ અંતર્ગત સહાય વિતરણ કાર્યક્રમ યોજાશે.

રાજ્યભરમાં થનાર વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે આવતીકાલે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આદિજાતિ સમુદાયના વિશિષ્ટ શૈલીના "તુર નૃત્ય"ની પ્રસ્તુતિ કરવામાં આવશે.

મહીસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ આવતીકાલે ખાનપુર, કડાણા અને સંતરામપુર તાલુકાની શાળામાં “વિશ્વ આદિવાસી દિવસ” નિમિત્તે સ્થાનિક રજા જાહેર કરી છે.

# GUJ. PM JANMAN YOJNA

આદિજાતિ વિસ્તારોમાં વસતા પરિવારો માટે પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન- પીએમ જનમન હેઠળ અત્યાર સુધી આદિમજૂથના 7 હજારથી વધુ લાભાર્થીઓને આવાસ સહાય મંજૂર કરવામાં આવી છે અને 12 હજારથી વધુ લાભાર્થીઓને પીએમ જન-ધન યોજનાનો લાભ મળ્યો છે.

રાજ્યમાં આદિમજૂથના ફળિયા અને ગામોમાં 39 મલ્ટીપર્પઝ સેન્ટરો સ્થાપિત કરવા માટે 23 કરોડથી વધુની સહાય કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે.

આદિજાતિ વિસ્તારોમાં 67 જેટલી નવી આંગણવાડીઓ, 6 હજારથી વધુ વીજ જોડાણ, 11 નવા છાત્રાલયોની મંજૂરી તેમજ 17 મોબાઈલ મેડિકલ યુનિટ કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, એક હજારથી વધુ આદિજાતિ

ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડની ફાળવણી, મહિલાઓને પીએમ માતૃવંદના યોજનાનો લાભ, તેમજ 14 હજારથી વધુ રાશનકાર્ડ આપવામાં આવ્યા છે.

# CM- INDO AMERICAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ઇન્ડો-અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સના 'સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર MSME'નું ઉદઘાટન કર્યું. નવા કેન્દ્રનું ઉદઘાટન કરતાં મુખ્યમંત્રીએ સૂક્ષ્મ, લઘૂ અને મધ્યમ ઉદ્યોગોને અર્થતંત્રની કરોડરજ્જુ ગણાવી હતી. તેમણે દેશને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે નાના અને મધ્યમ ઉદ્યોગોની મહત્વપૂર્ણ ભૂમિકા હોવાનો ઉલ્લેખ કર્યો હતો..

મુખ્યમંત્રીએ 'સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર MSME' ભારત અને અમેરિકાના ઔદ્યોગિક સંબંધોને વધુ મજબૂત બનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વધુમાં મુખ્યમંત્રીએ આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- મુખ્યમંત્રી)**

# RAJKOT- LOKMELO PC.

સાતમ- આઠમના તહેવાર નિમિત્તે યોજાતા લોકમેળાઓમાં રાજકોટ ખાતે યોજાતા સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળા માટે સરકાર દ્વારા વિશેષ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટના બાદ તંત્ર દ્વારા કડક નિયમોને ધ્યાનમાં લઈ મેળાના રાઇડ્સના સંચાલકો માટે સરકાર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ અંગે કલેક્ટરશ્રીએ રાઇડસના સંચાલકો સાથે બેઠક યોજી હતી. બેઠક બાદ કલેક્ટરે આ વિશેષ માર્ગદર્શિકા અંગે પત્રકારોને માહિતી આપી હતી.

# CHOMASU- ALLOVER

રાજ્યમાં અત્યાર સુધીમાં 68 ટકાથી વધુ વરસાદ વરસ્યો છે.. સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતમાં 82.67 ટકા જ્યારે સૌથી ઓછો પૂર્વ મધ્ય ગુજરાતમાં 49 ટકા જેટલો વરસાદ નોંધાયો છે..

રાજ્યના જળશયોની સ્થિતિની જાહેર થયેલી સત્તાવાર માહિતી અનુસાર સરદાર સરોવર ડેમમાં અત્યાર સુધીમાં 66.44 ટકા જેટલો જળસંગ્રહ થયો છે.. જ્યારે અન્ય 206 જળાશોયમાં 60.70 ટકા પાણીનો સંગ્રહ થયો છે. જેમાં 61 ડેમ હાઇએલર્ટ પર, 14 એલર્ટ અને 12 ચેતવણી પર રખાયા છે.. તાજેતરમાં નવસારી જીલ્લામાં થયેલા ભારે વરસાદને અનુસંધાને 5 હજાર 340 લોકોની સાથે રાજ્યમાં કુલ 17 હજારથી વધુ અસરગ્રસ્તોનું સ્થળાંતર કરાયું છે.. જ્યારે આણંદમાં 540 સાથે રાજ્યમાં કુલ 1 હજાર 646 લોકોને બચાવ રાહત ટુકડી અને અગ્નિશમન દળ દ્વારા બચાવાયાં હતાં.

વરસાદ દરમિયાન, રાજ્યભરમાં અત્યાર સુધીમાં 86.13 ટકા ખરિફ પાકનું વાવેતર થયું છે..